સુવિચાર : મંઝીલ હોય જેનું ધ્યેય એ રસ્તા નહીં જુએ... ઉદ્યમી હોય એ હસ્તરેખા નહીં જુએ... - સાંઈરામ દવે




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૭ | ૭ ઓક્ટોબર, ૨૦૧૫, બુધવાર ; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- વિશ્વના સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં મોદી ઇન
- ચીનમાં મંદીની ભારત પર અસર થઈ જ નથી : જેટલી
- લેવાલીની વચ્ચે સેન્સેક્સમાં ૧૪૭ પોઈન્ટનો વધારો થયો
- હવે ગૌહત્યા વિરોધી કાયદાને દેશમાં અમલી કરવાની માંગ
- વારાણસી હિંસા : વિસ્ફોટક સ્થિતિની વચ્ચે ૫૦ ઝડપાયા
- ઈન્દ્રાણીની હાલત હવે સુધાર પર : ટૂંકમાં નિવેદન આપશે
- ભારત-પાક શ્રેણીની તક હાલમાં દેખાતી જ નથી
- સરકાર બંદરમાં ૭૦૦૦૦ કરોડનું રોકાણ કરવા તૈયાર
- ભારતીય સેના પાંચમા નંબરની શક્તિશાળી સેના
- ચાહકોના ખરાબ વર્તન બાદ ગાવસ્કર ભારે લાલઘુમ
- ૫ વર્ષના ગાળા બાદ શોએબ મલિક ટેસ્ટની ટીમમાં સામેલ

# જીએસટીને આગામી વર્ષ સુધી અમલી બનાવાશે : પ્રધાનમંત્રી

**મૂડીરોકાણકારોની ચિંતાને દૂર કરવા નિર્ણાયક પગલા લેવાયા છે : ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો ઉપર મેટ લાગુ કરવાની તૈયારી નથી : ભારતીય સોફ્ટવેર વિશ્વમાં હાર્ડવેરમાં નવી ક્રાંતિ લાવશે**



બેંગ્લોર,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આશા વ્યક્ત કરી હતી કે, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને ૨૦૧૬થી અમલી બનાવી દેવામાં આવશે. બેંગ્લોરમાં ભારત અને જર્મન બિઝનેસ લીડરો સાથે વાતચીત કરતા મોદીએ કહ્યું હતું કે, અમે સંસદમાં જીએસટીને રજુ કરી ચુક્યા છીએ અને આશા છે કે ૨૦૧૬થી તેને અમલી બનાવી દેવામાં આવશે. આ બિલને લોકસભામાં પહેલાથી જ મંજુરી આપી દેવામાં આવી છે. જ્યારે રાજ્યસભામાં તે પેન્ડીંગ છે. એનડીએ પાસે રાજ્યસભામાં બહુમતિ નથી. સંસદની મંજુરી મળી ગયા બાદ અડધા રાજ્યોને પણ મંજુરીની જરૂર પડશે. મોદીએ કહ્યું છે કે, મૂડીરોકાણકારોની લાંબાગાળાની ચિંતાને દૂર કરવા માટે નિર્ણાયક પગલા લેવામાં આવી ચુક્યા છે. અમારી સ્પષ્ટ ગણતરી છે કે, રેક્ટ્રોસ્પેક્ટીવ ટેક્સેશનને જાળવી રાખવામાં આવશે નહીં.

તેમણે એમપણ કહ્યું હતું કે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો ઉપર મેટને અમલી બનાવવા માટે અમે જઈ રહ્યા નથી. અમે બે વર્ષ સુધી જનરલ એન્ટી એવોઈડેન્સ રુલ (ગાર)ને પણ અમલી બનાવવા જઈ રહ્યા નથી. સાથે-સાથે એવો નિર્ણય પણ કરાયો છે કે, કોઈપણ દુવિધાને જાળવી રાખવામાં આવશે નહીં. ભાજપના શાસન દરમિયાન વિશ્વનિયતા વધારવામાં આવી છે. વૈશ્વિક કંપનીઓની નજરમાં ભારતની વિશ્વસનિયતા તાજેતરના વર્ષોમાં વધી છે. સરકાર દ્વારા રેગ્યુલેટરી મંજુરીની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી છે.

# વિશ્વની સૌથી પ્રભાવશાળી પ્રતિભાઓમાં મોદી ઈન

નવી દિલ્હી,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં ૧૩માં ક્રમાંક પર રહ્યા છે. આ યાદીમાં પ્રથમ સ્થાન પર અમેરિકાની ફેડરલ રીઝર્વના ચેરમેન જેનેટ યેલેન રહ્યા છે. મોદી વિશ્વભરમાં દિનપ્રતિદિન તેમની લોકપ્રિયતા સતત વધારી રહ્યા છે. વિશ્વના



**પ્રતિભાશાળી મહાનુભાવોની યાદીમાં ભારતીય વડાપ્રધાન ૧૩માં સ્થાને : યુએસ ફેડરલ રીઝર્વના ચેરમેન જેનેટ યેલેન પ્રથમ ક્રમાંકે**

શક્તિશાળી નેતાઓમાં તેઓ સ્થાન મેળવી રહ્યા છે. અમેરિકા સહિત દરેક દેશની યાત્રા દરમિયાન મોદી ભારે લોકપ્રિયતા મેળવી રહ્યા છે. મોદી હાલમાં જ અમેરિકામાં ફેસબુક અને ગુગલની ઓફિસમાં પણ પહોંચ્યા હતા. તેમનુ દરેક જગ્યાએ જોરદાર સ્વાગત કરવામાં આવી રહ્યુ છે. હવે નવી જાહેર કરવામાં આવેલી અમેરિકાની પ્રતિષ્ઠિત સંસ્થાની યાદીમાં તેઓ ૧૩માં ક્રમાંકે રહ્યા છે. આ યાદીમાં બીજા ક્રમાંક પર ચીનના પ્રમુખ શિ ઝિનપિંગ રહ્યા છે. જ્યારે ટીમ કુક યાદીમાં ત્રીજા સ્થાન પર રહ્યા છે.

આ યાદીમાં ટોપના સ્થાને રહેલા લોકોની વાત કરવામાં આવે તો બ્લેકસ્ટોનના સીઈઓ અને સહસ્થાપક લેરી ફિન્ક ચોથા સ્થાને છે. આવી જ રીતે વિશ્વના સૌથી ટોપ મુડીરોકાણકારો પૈકીના એક એવા વારેન બફેટ યાદીમાં પાંચમાં સ્થાને છે. બર્કશાયરના વારેન બફેટની લોકપ્રિયતા આજે પણ યથાવત રહી છે. તેઓ અમેરિકાના સૌથી અમીર લોકોની યાદીમાં પણ સામેલ છે. આવનાર દિવસોમાં મોદી તેમની લોકપ્રિયતામાં સતત વધારો કરી શકે છે. આજે તેમની લોકપ્રિયતા અને ભારત દ્વારા હાલમાં લેવામાં આવેલા પગલાના કારણે વિશ્વના દેશો પ્રભાવિત છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર તરીકે છે. ભારતમાં સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાની પણ નોંધ લેવામાં આવી છે. મેક ઈન ઈન્ડિયા અને ડિજીટલ ઈન્ડિયા જેવી પહેલના કારણે ભારતની છાપ મજબુત થઈ રહી છે. વિશ્વના દેશો રોકાણ કરવા માટે આગળ આવી રહ્યા છે.

# બિહારમાં એનડીએને ૧૪૭ બેઠકો : સર્વે

**મહાગઠબંધનને ૬૪ સીટ મળી શકે છે : સર્વે : ૫૩ ટકા મતદારો એનડીએને ટેકો આપી રહ્યા છે : હવે સ્થિતી મજબુત બની શકે**

નવી દિલ્હી,તા. ૬

બિહાર વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે અને ચૂંટણી પ્રચાર ચરમસીમા પર છે ત્યારે નવા નવા સર્વેના તારણો જારી કરવામાં આવી રહ્યા છે. હવે નવા જારી કરવામાં આવેલા સર્વેમા કહેવામાં આવ્યુ છે કે ભાજપના નેતૃત્વમાં એનડીએને ૧૪૭ સીટ મળી શકે છે. જ્યારે નિતીશ કુમારના નેતૃત્વમાં મહાગઠબંધનને ૬૪ સીટ મળી શકે છે. ઝી મિડિયા ગ્રુપ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ ભાજપના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનની તરફેણમાં માહોલ છે.જો કે હજુ પણ ભાજપને સ્થિતીને સુધારવા માટે કેટલાક પગલાની જરૂર છે. નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૩.૮ ટકા લોકો એનડીએની સરકાર જોવા ઈચ્છુક છે. જ્યારે ૪૦.૨ ટકા લોકો ગઠબંધનની સરકાર જોવા ઈચ્છુક છે. આ સર્વેના તારણ બન્ને પાર્ટી માટે લાલબત્તી સમાન છે. કારણ કે એકબાજુ એનડીએને તેની તાકાતને હજુ વધારી દેવાની જરૂર છે. કારણ કે એનડીએ અને મહાગઠબધન વચ્ચે બેઠકોને લઈને કેટલાક સર્વેમાં ઓછા અંતરની સ્થિતી છે.

મહિલા મતદારોની અંદર પણ એનડીએને લઈને ક્રેજ છે. કારણ કે ૫૧ ટકા મહિલાઓ એનડીએની સાથે દેખાઈ રહી છે. જો કે ૩૫.૨ ટકા મહિલા ગઠબંધનની સાથે દેખાઈ રહી છે. જો કે એનડીએ માટે નિરાશાજનક બાબત એ છે કે રાજકીયરીતે મહત્વપૂર્ણ ગણાતા યાદવ સમુદાયના લોકો હજુ પણ મહાગઠબંધનની સાથે દેખાઈ રહ્યા છે. ૫૦ ટકા યાદવ સમુદાયના લોકો મહાગઠબંધનની સાથે છે. ૪૩.૭ ટકા યાદવ એનડીએની સાથે દેખાઈ રહ્યા છે.

# જિલ્લામાંથી બે મહિલા દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના બે પોઝીટીવ કેસ આજે મળી આવતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૮ પર પહોંચી છે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલા ૮ કેસ પૈકી પાંચ દર્દીઓ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ત્રણ દર્દીઓ સારવાર હેઠળ છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે આજે નોંધાયેલા બન્ને મહિલા દર્દીઓ પૈકી એક દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે એક દર્દી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છે. બન્ને મહિલા દર્દીઓ ૫૦ વર્ષથી ઉપરની છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ બે મહિલાઓ પૈકી એક દહેગામ તાલુકાની છે જ્યારે અન્ય મહિલા કલોલ તાલુકાના સઈજ ગામની રહેવાસી છે. બન્નેની તબિયત સ્થિર હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

તંત્ર દ્વારા બન્ને દર્દીઓના નિવાસસ્થાની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. જોકે નવો કોઈ કેસ મળ્યો નહિ હોવાનું તંત્રના આ સૂત્રોએ કહ્યું છે.

બન્ને દર્દીઓના પરિવારજનો સાથે તંત્રના અધિકારીઓએ સંપર્ક કરી અને તેમને પણ રક્ષણાત્મક સારવાર હેઠળ આવરી લીધા છે. ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકામાંથી અત્યાર સુધીમાં પાંચ કેસ મળ્યા છે જ્યારે દહેગામમાંથી ૧ અને ગાંધીનગર શહેર અને તાલુકામાંથી ૧-૧ કેસ અત્યાર સુધી નોંધાયા છે.

# ફાર્મસી કૉલેજના આચાર્યની રહસ્યમય હત્યા

**સેક્ટર-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સ્ટાફ ક્વાર્ટરમાં ૭૨ વર્ષના પ્રિન્સીપાલની કરપીણ હત્યા : ઘરમાં ઘુસીને હત્યારો રામપુરી જેવા મોટા તિક્ષ્ણ હથિયાર વડે ૭ થી ૮ ઘા ઝીંકી બિલ્લી પગે ભાગી ગયો : કે.બી. ફાર્મસી કોલેજના હેડ ઓફ ડીપાર્ટમેન્ટની ક્રૂર હત્યાના સમાચારથી સમગ્ર કેમ્પસમાં સન્નાટો**

ગાંધીનગર, તા. ૬

શહેરના સેક્ટર-૨૩ ખાતે સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સ્ટાફ ક્વાટર્સમાં રહેતા અને કે.બી. ફાર્મસી કોલેજના બાયો ટેકનોલોજી





ડીપાર્ટમેન્ટના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ૭૨ વર્ષિય ડૉ. મહેશચંદ્ર શર્માની ક્રૂરતાથી હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. પ્રિન્સીપાલ ડૉ. મહેશચંદ્રના ઘરમાં ઘુસીને તિક્ષ્ણ હથિયારથી સાત થી આઠ ઘા પેટ અને ગળાના ભાગે ઝીંકીને બેરહેમી પૂર્વક કરાયેલી હત્યા રહસ્યમય છે. સેક્ટર-૨૧ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને હત્યારા સુધી પહોંચવા દોડધામ શરૂ કરી છે.

રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં પડોશીનું ધ્યાન અચાનક મકાન નં. સી/૫ના ખુલ્લા દરવાજા પર પડતા તેમણે અંદર નજર નાંખી. લાઈટ ચાલુ હતી ને લાદી પર લોહીની નદી વહેતી હતી. મકાનમાં રહેતા ડૉ. મહેશચંદ્ર શર્માનો મૃતદેહ અત્યંત વિકૃત હાલતમાં પડેલો જોઈ પડોશીના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. બુમાબુમ કરી મુકતા પડોશીઓ દોડી આવ્યા ને જોયુ તો ડૉ. મહેશચંદ્રની નિર્દયતાથી તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી - ઝીંકીને હત્યા કરી દેવાયેલી હતી. પાંચ ફૂટ દૂર બે પડોશીઓ પહેલા રૂમમાં જ સુતા હતા પરંતુ તેમને પણ કોઈ માથાકુટનો કે મારઝુડનો અવાજ સંભળાયો ન હતો. કે મકાનનો દરવાજો તોડીને કોઈ ઘુસ્યુ હોય તેવુ પણ ન હતુ. મતલબ એ કે જે વ્યક્તિ ઘરમાં ઘુસ્યુ હતુ તે જાણભેદુ હશે...! કેમકે લુંટનો ઈરાદો તો બિલકુલ ન હતો. મૃતદેહ પાસે સોનાની ચેઈન, ત્રણ મોબાઈલ, ત્રણ લેપટોપ અને રૂ. ૧૦ હજાર રોકડા એમના એમ પડ્યા હતા..! ઘટનાની જાણ પોલીસને કરાતા સે. ૨૧ પોલીસ મથકના પી.આઈ. એલ.બી. મોણપરા તેમની ટીમ સાથે મધરાતે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. હત્યા અંગે ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેમના પરિવારના ભાઈઓ તથા દિકરીને જાણ કરી બોલાવી લીધા હતા. હત્યારા સુધી પહોંચવા પોલીસે એફએસએલ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવોર્ડની મદદ લઈ તપાસ શરૂ કરી છે.

## હત્યા પાછળ મિલ્કત કે આડા સંબંધ જવાબદાર..?

ડૉ. મહેશચંદ્ર શર્મા પાંચ ભાઈઓ હતા જે પૈકી બે ના અગાઉ અવસાન થઈ ચુક્યા છે. તેમના બે વાર લગ્ન થયા હતા અને બંને પત્નિના પણ અવસાન થઈ ચુક્યા છે. હાલ તેમની દિકરી કે જેના લગ્ન થઈ ચુક્યા છે તે દુબઈ રહે છે અને તે દિકરીનો દિકરો અવિરલ અમિતાભ બાજપાઈ તેમની સાથે અહીં સ્ટાફ ક્વાટર્સમાં જ રહે છે. ઉત્તરપ્રદેશમાં તેમની મિલ્કતો છે તો આ મિલ્કત માટે કોઈએ હત્યા કરી હોવાની શક્યતાને આધારે તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ કોઈ આડા સંબંધની શંકાને આધારે હત્યા થઈ હોય તેવી શક્યતાને પગલે તે દિશામાં પણ પોલીસ તપાસ ચાલી રહી છે. નોંધવું રહેશે કે મૃતકના દિકરીનો દિકરો અવિરત કે જે તેમની સાથે રહે છે તે બપોરથી બહાર હતો ને સાડા અગિયાર વાગે ઘરે આવ્યો હતો.

## જન્મદિને જ પ્રિન્સીપાલની હત્યા થઈ

ડૉ. મહેશચંદ્ર શર્માને તિક્ષ્ણ હથિયારના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દેવાયા તે જ દિવસે એટલે કે ૫મી ઓક્ટોબરે જ તેમનો જન્મ દિવસ હતો. જન્મદિને જ પ્રિન્સીપાલની હત્યા કરી દેવામાં આવી હતી.




